# ૧. પ્રવેશ અરજી પત્રક https://deled.orpgujarat.com ની વેબસાઇટ પર ઓનલાઇન ભરવા બાબતની સુચનાઓ

(૧) D.El.Ed (પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા) પ્રવેશ ૨૦૧૯-૨૦ ના વર્ષનું ઓનલાઇન અરજીપત્રક વેબસાઇટ **https://deled.orpgujarat.com** પર ઓનલાઇન ભરવાનું રહેશે. ઓનલાઇન અરજીપત્રક કોઇ પણ કોમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તેના પરથી ભરી શકાશે. પોતાના ઘરેથી અથવા ઇ-ગ્રામ સેન્ટરથી અથવા કોઇ પણ સાઇબર કાફેથી અરજીપત્રક ભરી શકાશે.

(૨) વેબસાઇટ ઉપર પ્રવેશ અરજીપત્રક ભરતા પહેલા વેબસાઇટ પર મુકવામાં આવેલ અરજીપત્રકની કોલમ મુજબની માર્ગદર્શિકા, પ્રવેશ સંબંધિત સૂચનાઓ અને પ્રવેશના નિયમોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી.

(૩) ઓનલાઇન અરજીપત્રક કોલમ મુજબ ભરવા માટેની સંબંધિત સૂચનાઓ વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરવો.

(૪) અરજીપત્રક Print કરેલી કોપીમાં નિયત કરેલ જગ્યાએ તમારો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ગુંદર/ફેવિકોલથી ચોટાડવો અને ફોટા ઉપર તથા અન્ય સૂચના મુજબ યોગ્ય જગ્યાએ અરજદારે સહી કરવી. આ ભરેલ અરજીપત્રક રાજયના નકકી કરેલ સ્વીકાર કેન્દ્ર પૈકી નજીકના કેન્દ્ર પર રજુ કરો અને જરૂરી અસલ ગુણપત્રકો /પ્રમાણપત્રોની ચકાસણી કરાવો.અરજીપત્રકમાં કોઇ પણ પ્રકારની ક્ષતિ ન હોય તો સ્વીકાર કેન્દ્ર પર રૂા.૨૫/- ( રૂપિયા પચીસ ) અરજીપત્રક ફી ભરી સ્વીકાર કેન્દ્ર મારફતે અરજીપત્રક Final Submit કરાવો અને અરજીપત્રક ભર્યા બદલની પહોંચ જરૂરથી મેળવો.

(૫) સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઇટ **https://deled.orpgujarat.com** પર મુકવામાં આવેલ છે.

(૬) અરજીપત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી અને પ્રવેશ સમયે અચૂક સાથે લાવવી.

(૭) ઓનલાઇન અરજી તા.૨૭/૦૬/૨૦૧૯ નાં સવારના ૧૦-૦૦ કલાકથી તા.૦૬/૦૭/૨૦૧૯ નાં રાત્રિના ૨૩-૫૯ કલાક સુધી વેબસાઇટ **https://deled.orpgujarat.com** પર ભરી શકાશે.

(૮) અરજીપત્રકની Print કરેલી કોપી નકકી કરેલ સ્વીકાર કેન્દ્રો પર તા.૨૭/૦૬/૨૦૧૯ નાં સવારના ૧૦-૦૦ કલાકથી તા.૦૭/૦૭/૨૦૧૯ સાંજના ૫-૦૦ સુધી રૂબરૂમાં સ્વીકારવામાં આવશે.

(૯) વાલ્મિકી, વિધવા તથા સૈનિક/માજી સૈનિક કેટેગરી અને વિવિધ માધ્યમોમાં પ્રવેશ માટે ઓનલાઇન અરજી કરનારે વેબસાઇટ પર મૂકેલ જરૂરી આધારો સાથે લઇ જવાના રહેશે.

(૧૦) ટપાલ કે કુરિયર મારફતે પ્રવેશ અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી અને તે રદ થયેલ ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

(૧૧) Print કરેલા અરજીપત્રકમાં કોઇ પણ જાતના સુધારા વધારા કે છેકછાક કરેલા હશે તો તેવું અરજીપત્રક સ્વીકાર કેન્દ્ર દ્વારા સ્વીકારવામાં આવશે નહી અને તે રદ થયેલ ગણાશે. અરજીપત્રકમાં કોઇ ખોટી માહિતી ભરાઇ ગઇ હોય તો પ્રિન્ટેડ અરજીપત્રકમાં સુધારા વધારા કે છેકછાક કરવાની જગ્યાએ નવેસરથી નવુ અરજીપત્રક ભરવુ અને તેને " SAVE "કરી Print લેવી.

## ૨. અન્ય વિગતો

(૧) લઘુમતી સંસ્થા જાહેર કરવામાં આવી હોય તેવી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કોલેજોમાં મંજૂર ઇન્ટેકની ૫૦ ટકા બેઠકો પર કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ ફાળવવામાં આવશે અને ૫૦ ટકા બેઠકો સંસ્થા પોતે અલગથી જાહેરાત આપી મેરીટના ધોરણે ભરી શકશે. લઘુમતી સંસ્થાઓની યાદી વેબસાઇટ **https://deled.orpgujarat.com** પર જોઇ શકાશે.

(૨) ડાંગી કેટેગરીના ઉમેદવારોએ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવેશ માટે કોઇ પણ સ્થળેથી ઓન લાઇન ભરેલ અરજીપત્રકની ચકાસણી, જરૂરી તમામ આધારો સાથે માત્ર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઇ,જિ.ડાંગ ખાતે જ ચેક કરાવી, Final Submit કરાવવુ.

## 3. ડાંગી, વાલ્મિકી, વિધવા તથા સૈનિક/માજી સૈનિકોની ખાસ કેટેગરીની બેઠકો જોગ

(૧) સરકારી અને અનુદાનિત મહિલા તેમજ પુરૂષ અધ્યાપન મંદિરમાં માન્ય વર્ગદીઠ બે બેઠકો વાલ્મિકી ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૨) માત્ર સરકારી અને અનુદાનિત મહિલા અધ્યાપન મંદિરમાં વર્ગદીઠ એક બેઠક વિધવા ઉમેદવારથી ભરવામાં આવશે. વિધવા અરજદારે પતિના અવસાનનું પ્રમાણપત્ર, વિધવા હોવા અંગેનો મામલ દારનો દાખલો અને પુનઃ લગ્ન કરેલ નથી તેવું તાજેતરનું સોગંદનામુ અરજીપત્રક સાથે ચકાસણી માટે રજુ કરવાના રહેશે.

(૩) સૈનિક / માજી સૈનિકોના સંતાનો માટે ૫ બેઠકો પુરૂષો માટે તથા ૫ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. સરકારી અને અનુદાનિત મહિલા તેમજ પુરૂષ અધ્યાપન મંદિરોમાં તે પૈકીની એક - એક બેઠક વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારથી ભરવામાં આવશે.

(૪) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઇ (ડાંગ) ખાતેની મંજૂર થયેલ પ્રવેશ ક્ષમતાની ૫૦ ટકા લેખે ૩૧ બેઠકો ડાંગી ઉમેદવારોથી ભરવામાં આવશે. ડાંગીની જગા ઉપર ઉમેદવારી કરનાર ડાંગ જિલ્લાના રહેવાસી હોવા અંગેના કલેકટરશ્રીના ડોમીસાઇલ સર્ટી રજુ કરવાના રહેશે.

(૫) ક્રમ-૪ મુજબની કેટેગરીના ઉમેદવારોએ તે મતલબના જરૂરી આધારો રજુ કરવાના રહેશે.

## ૪. વિકલાંગ કેટેગરીની બેઠકો જોગ

(૧) વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે જે તે કેટેગરીમાં ( અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે નબળા (EWS) ) સરકારશ્રીની નિતિ મુજબ ૫ ટકા બેઠકો અનામત રહેશે.

(૨) વિકલાંગ ઉમેદવારો માટે શિક્ષણ વિભાગનાં તા.૧૯/૦૮/૨૦૧૭ના ઠરાવની જોગવાઇ મુજબ તમામ પ્રકારના દિવ્યાંગ ઉમેદવારોને ૫% અનામતનો લાભ આપવામાં આવશે.

(૩) ઉપર ૪.૨ માં જણાવેલ અપંગતામાં વિકલાંગ ઉમેદવારોમાં કેટલી અપંગતા હોવી જોઇએ તે અંગેની વિગતવાર માહિતી વેબસાઇટ ઉપર D.El.Ed પ્રવેશના નિયમોમાં આપવામાં આવી છે. જેનો વિગતવાર અભ્યાસ કરી અરજીપત્રક ભરવુ.

(૪) D.El.Ed. પ્રવેશ નિયમ ૫.૪ પ્રમાણે વિકલાંગ ઉમેદવારને વિકલાંગતા ચકાસણી સમિતિ સમક્ષ બોલાવવામાં આવશે અને **નિયમ ૫.૪.૧, ૫૪.૨, અને ૫.૪.3** આ ઉમેદવારની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં અભ્યાસક્રમમાં તથા ત્યારબાદ પ્રાથમિક શાળાના શિક્ષકને વ્યવસાયમાં બાધારૂપ ન હોય તેવી વિકલાંગતાની ચકાસણી તથા તપાસ કરવામાં આવશે. આ અંગે ચકાસણી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(૫) વિકલાંગ કેટેગરીના ઉમેદવારોએ વિકલાંગતા અંગેના સિવિલ સર્જનના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

## ૫. અંગ્રેજી માધ્યમ

અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજમાં અંગ્રેજી માધ્યમમાં ઉમેદવારો પૂરતા પ્રમાણામાં ન મળવાના કારણે જો અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કોલેજમાં બેઠકો ખાલી રહે, તો તેવા સમયે અન્ય માધ્યમમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં અંગ્રેજી વિષય સાથે પરીક્ષા પસાર કરી હોય તેવા ઉમેદવારોની અલગ સંયુકત ( ગુજરાતી, ઉર્દુ, મરાઠી અને હિન્દી માધ્યમની ) મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. અને સ્વેચ્છાએ આવી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં કોલેજમાં પ્રવેશ મેળવી અંગ્રેજી માધ્યમમાં પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કરવાની લેખિત સમંતિ આપશે તો ગુણવત્તાનાં ધોરણે આવા ઉમેદવારોને અન્ય માધ્યમમાં જે ક્રમથી પ્રવેશ અટકેલ હશે તે જ ક્રમથી પ્રવેશ આપવામાં આવશે. આવા ઉમેદવારોએ પ્રવેશ માટેની અલગ અરજી અગ્રેજી માધ્યમ માટે કરવાની રહેશે નહી.

## ૬.સ્વનિર્ભર પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કોલેજોના મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ અંગે.

સ્વનિર્ભર સંસ્થાઓ ૨૦૧૯-૨૦ ના માન્ય પ્રથમ વર્ષના ઇન્ટેકના ૧૫ ટકા બેઠકો મેનેજમેન્ટ કવોટાની બેઠકો પર પ્રવેશ આપી શકશે. આ માટે કચેરી દ્વારા હવે પછી અલગ પરિપત્ર કરી, વધારાની સૂચનાઓ આપવામાં આવશે. તેમજ નીચેની શરતો પ્રમાણે સંસ્થાએ પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) રાજય સરકારે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવેશ માટે નિયત કરેલ લાયકાતના ધોરણો મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

(૨) જે તે સ્વનિર્ભર સંસ્થાએ બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપી, પ્રવેશ પત્ર ઉમેદવારો પાસેથી અરજી મેળવીને, આવેલ અરજીઓની ધોરણ-૧૨ના મેળવેલ ગુણની ટકાવારીના આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરીને, મેરીટના આધારે પ્રવેશ આપવાનો રહેશે.

(૩) કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંસ્થાને પોતાની જાહેરાત અન્વયે, મળેલ અરજીઓની યાદી તથા મેરીટ યાદી મુજબ આપવામાં આવેલ પ્રવેશની યાદી, પ્રાથમિક શિક્ષણ નિયામક પાસે પ્રમાણિત કરાવવાની રહેશે.

(૪) મેનેજમેન્ટ કવોટા બેઠકોની ચકાસણી માટેની સૂચનાઓ આ કચેરી દ્વારા હવે પછી આપવામાં આવશે.

## ૭. સ્વનિર્ભર સંસ્થાના સંચાલકો

પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા (તત્કાલીન પી.ટી.સી.) ના પ્રવેશ અંગેના નિયમો સરકારશ્રી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન, તા.૨/૭/૨૦૧૨ થી મંજુર કરેલ છે. ઠરાવની જોગવાઇ - ૧૫ મુજબ સ્વનિર્ભર સંસ્થાઓએ વર્ગ દીઠ રૂા.૫૦૦૦/- વહીવટી ખર્ચ, પ્રવેશ કાર્યવાહી શરૂ થવાની હોય તેના ૧૦ દિવસ અગાઉ કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં જમા કરાવવાની રહેશે અને જે સંસ્થાઓએ જેટલા વર્ગો માટે વહીવટી ખર્ચ જમા કરાવેલ હશે એ જ સંસ્થાઓનો તેટલા જ વર્ગોનો, પ્રવેશ કાર્યવાહી માટે ધ્યાનમાં લેવામાં આવશે. તે મુજબ આ કચેરીના તા. ૨૩/3/૨૦૧૯ ના પરિપત્રથી **તમામ સંસ્થાઓને પ્રોસેસીંગ ફી નો ડ્રાફટ " ડાયરેકટર, પ્રાયમરી એજયુકેશન, ગુજરાત સ્ટેટ, ગાંધીનગર " ના નામનો કઢાવી આ કચેરીમાં તા.૩૦/૪/૨૦૧૯ સુધીમાં જમા કરાવવા જણાવેલ છે.** તે મુજબ અમલ કરવાનો રહેશે.

## ૧. પ્રવેશ ફોર્મ સાથે રજુ કરવાના જરૂરી આધારો

## પ્રવેશ અરજીપત્રક ભરતા પહેલા આ સૂચનાઓ અવશ્ય વાંચો અને તેનો અમલ કરો

**૧. ઓનલાઇન ભરેલ પ્રવેશ અરજીપત્રક રૂબરૂમાં સ્વીકાર કેન્દ્ર ખાતે રજુ કરવા અંગે.**

ઓનલાઇન ભરેલ પ્રવેશ અરજીપત્રકની પ્રિન્ટ નકલમાં અરજદારે પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો નિયત જગ્યાએ ચોટાડવો અને નિયત જગ્યાએ સહી કરી ,વેબસાઇટ પર મુકેલ સ્વીકાર કેન્દ્રની યાદી મુજબના કેન્દ્ર પર જાહેરાતમાં દર્શાવેલ નિયત તારીખ અને સમય સુધીમાં રૂબરૂમાં રજુ કરવાનુ રહેશે.

**૨. પ્રવેશ અરજી સાથે રજુ કરવાના પ્રમાણપત્રોઃ-**

પ્રવેશ અરજીપત્રક રૂબરૂ રજુ કરતી વખતે તેમાં ભરેલી વિગતો સાથે સંબંધિત નીચે મુજબના લાગુ પડતા અસલ પ્રમાણપત્રો બતાવવાના રહેશે. આ પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પ્રવેશ અરજીપત્રક રૂા.૨૫/- ( રૂપિયાપચીસ ) ફી સ્વીકારી અરજી પત્રક ફાઇનલ સબમીટ કરવામાં આવશે અને પહોંચ આપવામાં આવશે.

૨.૧ એસ.એસ.સી. (ધોરણ-૧૦) પરીક્ષા પાસ કર્યાની એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે.

૨.૨ એચ.એસ.સી.(ધોરણ-૧૨) પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ એક વધારાની ઝેરોક્ષ નકલ સાથે.

નોંધઃ અરજી પત્રક સાથે એસ.એસ.સી. અને એચ.એસ.સી. માર્કશીટની તમામ પ્રયત્નની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અલગથી આપવી અને માર્કશીટ ઉપર અરજીપત્રકનો છાપેલો નંબર લખવો.

૨.૩ શાળા છોડયાનું પ્રમાણપત્ર ( School Leaving Certificate )

૨.૪ ધોરણ-૧૨ પાસ કર્યા અંગેનું શાળાના આચાર્યે આપેલ ટ્રાયલ સર્ટીફીકેટ.

૨.૫ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પરીક્ષા પાસ કર્યાનો સમયગાળો બે વર્ષ કરતા વધુ હોય તો તે દરમ્યાન અન્ય અભ્યાસ કરેલ હોય તે અંગેના પ્રમાણપત્રો.

૨.૬ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ),આર્થિક રીતે નબળા વર્ગો (EWS)નાં તથા વાલ્મિકી જાતિના અરજદારોએ સંબંધિત ખાતા દ્વારા નિયત કરેલ નમૂનામાં ખાતા દ્વારા નિયુકત કરવામાં આવેલ નીચે જણાવેલ પૈકીના કોઇપણ સક્ષમ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર.

(૧) સમાજ કલ્યાણ અધિકારીશ્રી

(૨) કલેકટરશ્રી / નાયબ કલેકટરશ્રી

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

(૪) મામલતદારશ્રી

(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી

(૬) પ્રાંત અધિકારીશ્રી

(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ( બક્ષીપંચ )ના ઉમેદવારે તા.૧/૪/૨૦૧૯ ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષનું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ રજુ કરવાનુ રહેશે.

૨.૭ ડાંગી ઉમેદવારોએ તેઓ ડાંગ જીલ્લાના રહેવાસી છે તે મતલબનું જિલ્લા કલેકટર કે તેમણે અધિકૃત કરેલ અધિકારીનું પ્રમાણપત્ર તથા ધોરણ ૧ થી ૧૨ જે શાળામાં અભ્યાસ કરેલ હોય તે મતલબનું સંબંધિત શાળાના આચાર્યશ્રીના દાખલા રજૂ કરવા.

૨.૮ વિકલાંગ અરજદારો જે પ્રકારની વિકલાંગતા ધરાવતા હોય તે (૧) વિકલાંગતા અંગેનું નિયત નમૂનામાં સીવીલ સર્જન / સુપ્રિન્ટેન્ડન્ટની પ્રતિ હસ્તાક્ષરવાળું પ્રમાણપત્ર (૨) પોસ્ટકાર્ડ સાઇઝનો આખો ફોટો (૩) સમાજ સુરક્ષા ખાતા તરફથી આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૨.૯ વિધવા કેટેગરીમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ પ્રવેશ અરજીપત્રક સાથે નીચે મુજબના અસલ આધારો એક ઝેરોક્ષ નકલ સાથે રજુ કરવાના રહેશે.

(૧) વિધવા હોવા અંગેનું મામલતદારનું પ્રમાણપત્ર

(૨) પતિના મરણનો અધિકૃત દાખલો

(૩) પ્રવેશની તારીખ સુધીમાં પુનઃલગ્ન કરેલ નથી. તે મતલબનું રજીસ્ટર્ડ સોગંદનામુ.

(૪) વિધવા ઉમેદવારના શ્વસુર ગૃહે રેશનકાર્ડમાં નામ ઉમેરવામાં આવ્યુ હોય તેનો આધાર .

(૫) પતિનું નામ અવસાન બાદ રેશનકાર્ડમાંથી રદ કરવામાં આવ્યુ હોય તેનો આધાર ઉપર (૪)તથા (૫) ના વિકલ્પે વિધવા ઉમેદવારના તેમના શ્વસુર પક્ષે મતદાર યાદીમાં ઉમેરવામાં આવેલ હોય તેનો આધાર તથા પતિના અવસાન બાદ મતદાર યાદીમાંથી નામ કમી થયેલ હોય તો તેનો આધાર.

(૬) વિધવા બહેનોની ઉમર ૧/૭/૨૦૧૯ ના રોજ ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

૨.૧૦ **સૈનિક / માજી સૈનિકઃ-** જિલ્લા સૈનિક બોર્ડનું પ્રમાણાપત્ર રજુ કરવાનું રહેશે.

૨.૧૧ **ઉર્દુ માધ્યમઃ-**ઉર્દુ માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ ની પરીક્ષા ઉર્દુ માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

૨.૧૨ **હિન્દી માધ્યમઃ-** હિન્દી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ ની પરીક્ષા હિન્દી માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

૨.૧૩ **મરાઠી માધ્યમઃ-**મરાઠી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ધોરણ-૧૦ ની પરીક્ષા મરાઠી માધ્યમમાં પાસ કરેલી હોવી જોઇએ.

નોંધઃ- અસલ આધારો પ્રવેશ અરજીપત્રક રજુ કરતી વેળા તેમજ પ્રવેશ મેળવતા સમયે તેની ચકાસણી કર્યા બાદ પરત કરવામાં આવશે ઉમેદવારે ગુણપત્રકો / પ્રમાણપત્રોની બે ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે.

## ૩. અરજીપત્રકની પહોંચ

પ્રવેશ અરજીપત્રક સ્વીકાર્યાની પહોંચ રૂબરૂમાં મેળવી લેવાની રહેશે અને પ્રવેશની દરેક કાર્યવાહી સમયે સાથે રાખવાની રહેશે.

## ૪. નોન ક્રિમીલેયર સર્ટીફીકેટઃ-

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ ) ના અરજદારોએ તેઓ ઉન્નત વર્ગમાં આવતા નથી તે અંગેનું તા.૧/૪/૨૦૧૯ ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષની આવકના આધારે સક્ષમ અધિકારી તરફથી મેળવેલ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ પ્રવેશ અરજીપત્રક રજુ કરતી વેળા અથવા પ્રવેશ સમયે રજુ કરવાનુ રહેશે. પ્રમાણપત્ર ત્રણ વર્ષ માટે માન્ય કરવામાં આવેલ છે તે રજૂ કર્યેથી ગ્રાહય રાખવામાં આવશે.

## ૫. અન્ય રાજયના પછાત વર્ગના અરજદારોઃ-

**પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવેશ નિયમોના નિયમ-૧૦ અંતર્ગત સુચનાઓ અને પ્રકિયાઓ**

જુઓ પરિશિષ્ટ-ક ( બાબત નં. ૭ )

## ૬. વિકલાંગ અરજદારોઃ-

વિકલાંગ અરજદારોની અનામત બેઠકો ઉપર અધ્યાપન મંદિરના કાર્યક્રમમાં તેમજ લાયકાત મેળવ્યા પછી શૈક્ષણિક કાર્યમાં તેમજ શાળાની અન્ય પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે બાધ કરતા ન હોય તેવી શિક્ષણ વિભાગનાં તા.૧૯/૦૮/૨૦૧૭ ના ઠરાવની જોગવાઇ પ્રમાણેની વિકલાંગતાવાળા અરજદારો પ્રવેશના નિયમો મુજબની વિકલાંગતા ધરાવતા હશે તો જ પ્રવેશ માટે વિચારણામાં લેવાશે. આ બાબતે ચકાસણી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

## ૭. વિચરતી અને વિમુકત જાતિઓના અરજદારોઃ-

પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવેશના નિયમોમાં વિચરતી અને વિમુકત જાતિઓની બાબતમાં અનામત અંગેની કોઇ અલગ ટકાવારી નકકી કરવામાં આવેલ નથી. તેથી આવી જાતિ પૈકી જે અરજદારો અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ કે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિમાં આવતા હોય તેવા અરજદારોને જે તે અનામત બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવશે.દા.ત. બાવા,બૈરાગી બાવા, નાયક, ગોસ્વામી, વણઝારા વગેરે જ્ઞાતિ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ) જાતિમાં આવતી હોવાથી તે જાતિની કેટેગરીમાં ફોર્મ ભરવાનું રહેશે.

## ૮. મોચી જાતિના અરજદારોઃ-

સરકારના સામાજીક ન્યાય અને અધિકારીના વિભાગ ( અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:સીએઆર-૧૦૯૦-સીઓ-૧૬-હ, તા.૧૮/૨/૨003 થી મોચી જાતિનો સમાવેશ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિમાં કરવામાં આવેલ હોવાથી મોચી જાતિના અરજદારોએ અનુસુચિત જાતિમાં અરજી નહી કરતા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ (બક્ષીપંચ) માં ફોર્મ ભરવાનુ રહેશે અને જાતિ અંગેનું સમાજ કલ્યાણ અધિકારીનું પ્રમાણાપત્ર તથા આગળ ઉલ્લેખ કર્યા મુજબ સંક્ષમ અધિકારીનું નોન ક્રીમીલીયર પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

**૯. મહિલા ઉમેદવારોઃ-**

સગર્ભા મહિલા ઉમેદવારોને પ્રવેશ મળી શકશે નહી. તેમ છતાં પ્રવેશ મેળવ્યા બાદ મહીલા સગર્ભા હોવાનું માલુમ પડશે તો તેમનો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે. આ બાબતે રજુઆત કરવાની કે અન્ય કોઇ તક આપવામાં આવશે નહી.

**૧૦. પ્રવેશનુ માધ્યમઃ-**

જુઓ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ નિયમોના નિયમ નં. ૪.૬.૧ થી ૪.૬.૬

**૧૧. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન, નવી દિલ્હી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉતિર્ણ થયેલા ઉમેદવારોઃ-**

ઉમેદવાર જે માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તે જ માધ્યમમાં તેણે ગુજરાત રાજય કે અન્ય બીજા રાજયમાં આવેલી માન્ય કેન્દ્રીય શાળાઓ/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ /જવાહર નવોદય વિધાલયો કે જેની પરીક્ષા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન, નવી દિલ્હી દ્વારા લેવામાં આવતી એસ.એસ.સી. તેમજ એચ.એસ.સી.પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

**૧૨. કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉતિર્ણ થયેલા ઉમેદવારોઃ-**

ઉમેદવાર જે માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તે જ માધ્યમમાં તેણે ગુજરાત રાજય કે અન્ય બીજા રાજયમાં આવેલી શાળાઓમાંથી વિધાર્થીઓએ કાન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન,નવી દિલ્હી દ્વારા લેવામાં આવતી એસ.એસ.સી. તેમજ એચ.એચ.સી. પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

**૧૩. અન્ય રાજયના ઉમેદવારોઃ-**

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૨/૪૯૪/ન,તા.૯/૫/ ૨૦૧૨ ના ઠરાવ મુજબ ગુજરાત રાજય સિવાયના અન્ય રાજયના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ( જે કોઇ નામથી ઓળખાતુ હોય ) ની ધોરણ - ૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય.

## ૩. ઓન-લાઇન પ્રવેશ અંગે વિશેષ સૂચનાઓ

### પ્રવેશ પત્ર ( Admission Letter ) સંલગ્ન સૂચનાઓ

૧. પ્રવેશ સમિતિ દ્રારા સંસ્થામાં હાજર થવાની આપવામાં આવેલ છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારે ફરજિયાત હાજર થવાનૂં રહેશે.

૨. સંસ્થામાં હાજર થતા સમયે નિયમાનુસારની અન્ય ફી જે તે સંસ્થામાં જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે.

૩. પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ નિયમ ૧૩.૨ અન્વયે, સંસ્થામાં હાજર થતા સમયે ધોરણ-૧૨ની ગુણપત્રકની અસલ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની અસલ અને જાતિ પ્રમાણપત્રોની અસલ નકલ જમા કરાવી દેવાની રહેશે, જે અભ્યાસક્રમ પૂર્ણ થયેથી સંસ્થામાંથી પરત મેળવી લેવાની રહેશે.

૪. ઉપર ક્રમ (૩) મુજબના ડોકયુમેન્ટસ સોપવામાં નિષ્ફળ જનાર ઉમેદવારને સંસ્થા હાજર કરશે નહી.

૫. કેન્દ્રીય પ્રવેશ સ્થળેથી પ્રવેશપત્ર મેળવ્યા બાદ સંસ્થામાં હાજર થવા ન જનાર ઉમેદવારનો પ્રવેશ રદ થશે.

૬. સંસ્થામાં પ્રવેશ પમેલ તાલીમાર્થીઓ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાના અભ્યાસક્રમની સાથે અન્ય નિયમિત અભ્યાસક્રમ કરી શકશે નહિ અને જો તેવુ માલુમ પડશે તો તેનો પ્રવેશ રદ થવાને પાત્ર થશે.

૭. પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવેશ નિયમ-૧૨ અન્વયે પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને સ્થળ ફેરફાર આપવાની જોગવાઇ ન હોઇ, સ્થળ ફેરફારની રજુઆત કરી શકાશે નહી.

૮. પ્રવેશ મેળવ્યા બાદ સંસ્થામાં હાજર થયા બાદ ઉમેદવારે પોતાનો પ્રવેશ રદ કરવાનો હોય તો કોલેજના આચાર્યશ્રી મારફતે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના પત્ર ક્રમાંક:તાલીમ-૧-પ્રવેશ-૦૬-જ-૮૭૯-૯૦૭૮, તા.૨૮/૬/૨૦૦૬ની સૂચનાઓ પ્રમાણે નિયત કરેલ અરજી ફોર્મમાં અરજી કરી આચાર્યશ્રી મારફતે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાં આચાર્યશ્રીના શેરા સાથે અરજી રજુ કરવાની રહેશે.

## વિકલાંગ ઉમેદવાર સંલગ્ન સૂચનાઓ

૧. વિકલાંગ ઉમેદવારની અધ્યાપન મંદિરના શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લેવાની તથા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજો માટે વિકલાંગતાની ઘનિષ્ટ તપાસ કરવામાં આવશે.

૨. વિકલાંગ ધારો-૧૯૯૫ના પ્રકરણ-૨ ના નિયમ ૪(૧) મુજબ રાજય સરકારે રચેલા મેડીકલ બોર્ડનું કાયમી વિકલાંગતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. વિકલાંગતા અંગેના પ્રમાણપત્ર પર ઉમેદવારનો ફોટો ન હોય તો ઓળખવિધિ માટે એસ.ટી.ફી પાસ અથવા એચ.એસ.સી. પરીક્ષાની ફોટાવાળી રિસિપ્ટ સાથે લાવવાની રહેશે.

૪. એચ.એસ.સી. પરીક્ષાની માર્કશીટ, ધોરણ-૧૦ની માર્કશીટ, જન્મ તારીખ માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ અંગેના પ્રમાણપત્ર સમાજ સુરક્ષા ખાતા તરફથી આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકાર્ડ તેમજ અન્ય જરૂરી પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.

૫. બક્ષીપંચના ઉમેદવારોએ તા.૧/૪/૨૦૧૯ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી, તે મતલબનું (નોન ક્રિમીલીયર) પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. નિયમોનુસાર સરકારશ્રી દ્વારા ત્રણ વર્ષની માન્યતાવાળું પ્રમાણપત્ર માન્ય રહેશે.

૬. જે કિસ્સામાં ચકાસણી સમિતિને દેખીતી રીતે જ ઉમેદવાર બિલકુલ વિકલાંગતા ધરાવતા ન હોય અથવા પ્રમાણમાં ઓછી અપંગતા હોય છતાં પણ તેઓ અપંગતા ધરાવે છે તેવા પ્રમાણપત્રો રજુ કરે તેવા સંદિગ્ધ કિસ્સામાં ઉમેદવારને મેડીકલ બોર્ડનું પ્રમાણપત્ર રજુ કરવા જણાવી શકે છે અને ઉમેદવારે મેડીકલ બોર્ડનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૭. વિકલાંગતા ચકાસણી કાર્યક્રમના દિવસે શકય હશે તો પ્રવેશ આપવામાં આવશે. અન્યથા તારીખની જાણ સ્થળ ઉપર રૂબરૂ કે પત્ર ધ્વારા કરવામાં આવશે. જો તમને તે જ દિવસે પ્રવેશ આપવામાં આવશે. તો ફી ભરવા અંગેની કાર્યવાહી સૂચના પત્રમાં જણાવેલ સૂચના મુજબ કરવાની રહેશે.

૮. વિકલાંગતા ચકાસણી સમિતિ સમક્ષ ઉપલબ્ધ બેઠકોના બમણા ઉમેદવારોને ચકાસણી માટે બોલાવવામાં આવે છે. તેથી ચકાસણી સમિતિ સમક્ષ ઉપસ્થિત રહેવાથી કે ચકાસણીમાં સફળ થવાથી પ્રવેશ મળી જશે તેમ માનવું નહી.